ઠંડા પવનોના કારણે શહેરમાં વધતી ઠંડી

વિશ્વશાંતિ માટે કુંટુંબને ચાહતા શીખો

જીવન જીવવાનો અભિગમ બાળરોગ નિષ્ણાંત ડો વિજળીવાળાનુ પોતાની જાત, કુંટુબ, સમાજ, અને ભગવાન ચાર મુદ્દે રસપ્રદ વિશ્લેષણ : હૃદયસ્પર્શી શૈલીમાં વક્તવ્ય સાંભળી શ્રોતાઓની આંખો ભીંજાઇ

સર્જનાત્મકતાના અભાવ વચ્ચે જીવનમાં મીઠાશ નહીં લોહીમાં ડાયાબીટીશ આવે : ડો વિજળીવાળા

ગાંધીનગર તા ૧૦

માત્ર કામ જ જીન્દગી નથી આપણે કામને જ સમય ગણીને ચાલીએ છીએ સર્જનાત્મકતાને પોષવાનુ વિસરાયુ છે. ત્યારે જીવનમાં મીઠાશ આવે કે નહીં પરંતુ લોહીમાં ડાયાબીટીશ આવી જાય છે. જીન્દગીની ભાગદોડમાં જીવવાનુ રહી જાય છે. પોતાની જાતને મળતા નથી ઘરમાં શાંતિ ન હોય ત્યારે સમાજનુ વાતાવરણ પણ ડહોળાય છે.વિશ્વશાંતિ માટે કુટુંબને ચાહતા શીખવુ જરૂરી છે. પોતાના માટે પ્રાણી પણ જીવે છે ત્યારે બીજા માટે કાંઇક કરવાથી મનનો ખાલીપો દુર થાય છે. તેમ જાણીતા બાળરોગ નિષ્ણાંત ડો આઇ કે વિજળીવાળાએ આજે જીવન જીવવાનો અભિગમ વિષય અંગે ચાર ભાગમાં વિશ્લેષણ કરીને શ્રોતાઓને હદ્રયસ્પર્શી અંદાજમાં સમજણ આપી હતી.આ દરમિયાન તેમણે ભગવાનને પણ બીક અને લાલચથી ચાહવાના બદલે તેની સાથે ફ્રેન્ડશીપ કરતા શીખવુ જોઇએ તેમ પણ જણાવ્યું હતું.

ઇશ્વરને બીક અને લાલચથી પ્રેમ ન કરો તેની સાથે ફ્રેન્ડશીપ કરો : ઘરમાં બધા રહે પણ ઉપયોગ પોતાની રીતે કરે : પોતાની જાતને મળવાનુ રાખો : કામ જ જિન્દગી નથી, ધ્યેય રાખો પરંતુ વચ્ચે જિન્દગીને પણ રાખો : બાળરોગ નિષ્ણાંત ડો વિજળીવાળા

ગાંધીનગર કલ્ચરલ ફોરમ આયાજિત અર્ક વ્યાખ્યાનમાળામાં ડો આઇ કે વીજળીવાળાએ જીવન જીવવાનો અભિગમ વિષય અંગે હદ્રયસ્પર્શી વકત્વ્ય આપ્યુ હતુ. તેમણે જીવનને એક દિવસનો

● અનુસંધાન પાન-૭ પર

મનપા જ મુખ્યમંત્રી સ્વર્ણિમ જયંતિ યોજનાના નાણાં વાપરવામાં નિષ્ફળ

ગાંધીનગર, તા. ૧૦

મુખ્યમંત્રી સ્વર્ણિમ જયંતિ શહેરી વિકાસ યોજનાના અમલીકરણમાં ગાંધીનગર મનપાના ઉદાસીન વલણ અંગે સરકારે નારાજગી વ્યક્ત કરી અને તાકીદે ફાળવેલ ગ્રાન્ટના નાણાંનો ઉપયોગ કરવા જણાવ્યું છે.

મળતી વિગતો પ્રમાણે મુખ્યમંત્રી સ્વર્ણિમ જયંતિ શહેરી વિકાસ યોજના અંતર્ગત સરકારના શહેરી વિકાસ વિભાગે ગાંધીનગર મનપાને રૂ. ૧ ૩૦ કરોડની માતબર રકમ ફાળવી હતી. જોકે નાણાંકીય વર્ષ સંપન્ન થવાની આડે હવે માંડ બે માસ જેટલો ટુંકો ગાળો બચ્યો છે ત્યારે તંત્ર માત્ર રૂ. ૩૯ કરોડ જ વાપરી અને બાકીની રકમની બચત કરી છે.

તાજેતરમાં રાજ્ય સરકારે આ યોજનાની પ્રગતિ માટે ૮ મહાનગરપાલિકાઓની એક સમીક્ષા બેઠક યોજી હતી જેમાં ગાંધીનગર મનપાના આ ઉદાસીન વલણની ગંભીર નોંધ લેવામાં આવી હતી એટલું જ નહિ આ માટે કડક તાકીદ પણ સપ્ત નારાજગી સાથે કરવામાં આવી હતી.

ગાંધીનગર શહેરમાં જ મુખ્યમંત્રી સ્વર્ણિમ જયંતિ શહેરી વિકાસ યોજનાના અમલીકરણમાં દાખવવામાં આવી રહેલી ઉદાસીનતા અંગે તંત્રએ કેટલાક ખુલાસાઓ કરવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ સરકાર કક્ષાએ તે ગ્રાહ્ય રાખવામાં આવ્યા ન હતા.

સરકાર તરફથી વ્યક્ત થયેલી સપ્ત નારાજગીને પગલે હવે તંત્રએ વર્ષાન્તે આ ગ્રાન્ટનો ઉપયોગ કેવી રીતે કરવો અને વિકાસની અનુભૂતિ લોકોને થાય તે માટેનું મંથન શરૂ કર્યું છે.

મળતા નિર્દેશો મુજબ આગામી દિવસોમાં આ અંગેના કેટલાક નવા કામો તૈયાર કરી અને સ્થાયી સમિતિ સમક્ષ તેની દરખાસ્તો પણ રજુ કરવામાં આવનાર છે.

પતંગ બજાર - ઉત્તરાયણ પર્વ માટેની ઘડીઓ ગણાઈ રહી છે... થોડા દિવસોમાં ઉત્તરાયણ પર્વે આકાશમાં રંગબેરંગી પતંગો આકાશમાં ઉડશે... પતંગબજાર ધમધમવા લાગ્યું છે... વિવિધ પ્રકારની, આકાર અને કલરની પતંગો બજારમાં ઉપલબ્ધ થઈ છે તો બીજી તરફ પતંગોનું ફુટપાથ બજાર પણ એટલું જ તેજીમાં જોવા મળી રહ્યું છે.... (તસવીર : દિપક જાની)

ઠંડા પવનોના કારણે શહેરમાં વધતી ઠંડી

ગાંધીનગર, તા. ૧૦

ઉત્તરાયણ પહેલા ઠંડીનો વધુ એક રાઉન્ડ શરૂ થયો છે. ઠંડા પવનોના કારણે શહેરમાં વધુ એક ડીગ્રી જેટલું તાપમાન ઘટ્યું હતું. લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રી પહોંચી જતા શહેરીજનોએ ટાઢનો અનુભવ કર્યો હતો.

દેશના ઉત્તરીય પર્વતીય વિસ્તારોમાં હિમવર્ષાનો દોર નવેસરથી શરૂ થયો છે. જેની અસર હેઠળ ગુજરાત સહિત સમગ્ર ઉત્તર ભારતમાં ઠંડી અને ધુમ્મસનો કહેર છવાયેલો છે. ગુજરાતમાં પણ છેલ્લા બે દિવસથી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. ઠંડીનો વધુ એક રાઉન્ડ શરૂ થયો હોય તેમ ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં તાપમાન ગગડ્યું છે. રાજ્યમાં છેલ્લા ઘણા સમયથી દિવસ દરમ્યાન સામાન્ય ગરમી અને રાત્રે ફુલગુલાબી ઠંડીનો અહેસાસ થતો હતો. પરંતુ ગત બે દિવસથી ઉત્તર-પૂર્વીય પવનો ફૂંકાતા લઘુત્તમ અને મહત્તમ તાપમાનનો પારો ધીમે ધીમે ગગડી રહ્યો છે. શહેરમાં મોડી રાત્રે અને વહેલી સવારે જોરદાર ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. સવારે ઘરના બારી-બારણા પણ ઉઘાડી ન શકાય તેવી પવન સાથેની તીવ્ર ઠંડી પડી રહી છે. ઠંડીનો ચમકારો વધતા તાપમાનો દોર ફરીથી શરૂ થયો છે.

ગુજરાતમાં ત્રણ દિવસ દરમ્યાન ખાસ કરીને રાત્રીના સમયે ઠંડીનો ચમકારો વધે તેવી શક્યતા છે. હવામાન વિભાગે આગાહી કરતાં જણાવ્યું છે કે આગામી ૨૪ કલાક દરમ્યાન સૌરાષ્ટ્ર-કચ્છના વિવિધ વિસ્તારોમાં જોરદાર ઠંડી પડે તેવી શક્યતાઓ છે અને કેટલાક ભાગોમાં લઘુત્તમ તાપમાનનો પારો ૮ ડિગ્રીની નીચે સરકી જાય તેવી પણ શક્યતાઓ છે.

તાલુકા વિકાસ અધિકારી (ગ્રામ વિકાસ)ની જગ્યાઓ ડાઉનગ્રેડ કરાઈ

૨૦૫ તાલુકાઓમાં વર્ગ-૨ની જગ્યા ડાઉનગ્રેડ કરાઈ : સરકારે પહેલીવાર એકરાર કર્યો કે ગ્રામ વિકાસ માટે પ્રતિ નિયુક્તીથી પણ અધિકારીઓ ઉપલબ્ધ થતા ન હોવાથી આ નિર્ણય લીધો

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાત સરકારે હવે ગ્રામ વિકાસને અગ્રતા આપવા પર તેનું વિશેષ ધ્યાન કેન્દ્રીત કર્યું છે એટલે જ તાલુકા વિકાસ અધિકારી (ગ્રામ વિકાસ)ની જગ્યા વર્ગ-૩માં ડાઉનગ્રેડ કરી મદદનીશ તાલુકા વિકાસ અધિકારીની જગ્યાઓ ઉભી કરવાનો મહત્વનો નિર્ણય કરેલ છે.

રાજ્યના પંચાયત વિભાગે ૨૦ ક્રિટીકલ તાલુકાઓને બાદ કરતાં ૨૨૦ તાલુકાઓમાં તાત્કાલિક અસરથી જગ્યા ઉભી કરી અને નિમણુંક આપવાની કવાયત પણ હાથ ધરી છે.

રાજ્યના પંચાયત વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે નાયબ ચીટનીસ સંવર્ગની જગ્યાઓમાં આ જગ્યા ઉભી કરવામાં આવશે. મદદનીશ તાલુકા વિકાસ અધિકારી વર્ગ-૩ (ગ્રામ વિકાસ)એ તાલુકા કક્ષાએ ગ્રામ વિકાસની તમામ કામગીરી કરવાની રહેશે એટલું જ નહિ તેમની કામગીરીનું સંપૂર્ણ રિપોર્ટીંગ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીને કરવાનું રહેશે. અર્થાત્ આ મદદનીશ તાલુકા વિકાસ અધિકારીઓ સંપૂર્ણતઃ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી હસ્તક રહેશે.

રાજ્યમા હાલ ગ્રામ વિકાસની વિવિધ યોજનાઓની કામગીરી જિલ્લા વિકાસ અધિકારીના હાથ નીચે તાલુકાઓમાં તાલુકા વિકાસ અધિકારી દ્વારા થતી હોય છે. આ યોજનાઓના અમલીકરણમાં પડતી મુશ્કેલીનું નિવારણ કરવા માટે તાલુકા કક્ષાએ આ કામગીરીમાં ગતિ લાવવા આ જગ્યા ડાઉનગ્રેડ કરવાનો નિર્ણય લીધો છે.

મળતી વિગતો પ્રમાણે તાલુકા વિકાસ અધિકારી ગ્રામ વિકાસની જગ્યાઓ પર પંચાયત વિભાગ દ્વારા પ્રતિ નિયુક્તીથી નિમણુંક કરવામાં આવે છે પણ પ્રતિનિયુક્તી માટે પણ અધિકારીઓ ઉપલબ્ધ ન હોવાનું સરકારના ધ્યાને આવતાં ચોંકી ઉઠેલી

● અનુસંધાન પાન-૭ પર

રામમંદિર તો બનીને જ રહેશે, મને મોદીજી પર વિશ્વાસ છે : તોગડીયા

પ્રવિણ તોગડીયા ગાંધીનગરમાં : ઉત્તર ગુજરાત પ્રાંત વિ.હી.પ.ની બેઠકમાં હાજરી આપી

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરના સેકટર-૨૯ ખાતે સ્થિત જલારામ મંદિર ખાતે આજે વિશ્વ હિન્દુ પરિષદની ઉત્તર ગુજરાત પ્રાંતની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં વિશ્વ હિન્દુ પરિષદનાં આંતરરાષ્ટ્રીય મહામંત્રી પ્રવિણ તોગડીયા હાજર રહ્યા હતા. આતંકવાદ ખતમ કરવો હોય તો આતંકના આકાઓને પકડી લાવીને દિલ્હીમાં લઈ જઈ જાહેરમાં ફાંસી આપો... વાટાઘાટનું કોઈ પરિણામ નથી. પ્રવિણ તોગડીયાએ આતંકવાદને નાથવા આ એક જ વિકલ્પ હોવાનું કહીને તેમણે ઉમેર્યું હતું કે રામમંદિર તો બનશે જ.... મને નરેન્દ્ર મોદીજી પર વિશ્વાસ છે...!

પંચાયત પ્રમુખ અને સંગઠ્ઠન પ્રમુખ દિલ્હી સોનિયા ગાંધીને મળવા રવાના

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી રામાજી ઠાકોર, જિલ્લા કોંગ્રેસ પ્રમુખશ્રી સૂર્યસિંહ ડાભી તથા પ્રદેશ મહામંત્રી અને પ્રવક્તા શ્રી નિશીત વ્યાસ સહિત વિવિધ જિલ્લા પંચાયતોના ચૂંટાયેલા પ્રમુખ-ઉપપ્રમુખ અને સંગઠ્ઠનના પ્રમુખો આજે દિલ્હી જવા રવાના થયા છે.

સોમવારે સોનિયા ગાંધી સાથે પંચાયતી રાજ વ્યવસ્થાના આ નવા પદાધિકારીઓની મહત્વની બેઠક રાખવામાં આવી છે. ગુજરાતમાં પક્ષને મળેલી સફળતા પછી હવે પંચાયતી રાજ વ્યવસ્થાને મજબુત બનાવવા માટે રાષ્ટ્રીય અધ્યક્ષા સોનિયા ગાંધી વિશેષ માર્ગદર્શન આપશે તેમજ અભિનંદન સાથે સૌને શુભેચ્છા પાઠવશે.

જિલ્લા પંચાયતના ઉપ-પ્રમુખ શ્રી ભરતભાઈ પટેલ પણ દિલ્હી જવાના હતા પરંતુ તેમના પિતાના થયેલા દુઃખદ અવસાનને લઈ તેમનો પ્રવાસ રદ થયો છે. જિલ્લા પ્રમુખ અને આગેવાનો આજે હવાઈ માર્ગે દિલ્હી જવા રવાના થયા છે.

મંગળવારે સાંજે આ આગેવાનો પરત આવશે તેમ મનાઈ રહ્યું છે. દિલ્હીના રોકાણ દરમ્યાન તેઓ અહમદ પટેલ, કોંગ્રેસના અન્ય આગેવાનોને પણ મળશે.

શ્રી રામાજી ઠાકોર અને શ્રી સૂર્યસિંહ ડાભીએ તેમના હોદ્દાનો પદભાર સંભાળ્યા પછી પ્રથમવાર દિલ્હી જઈ રહ્યા છે જે ઉલ્લેખનીય છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Sleek®
THE KITCHEN SPECIALIST
Sleek's innovative storage ideas created more space in my kitchen
Rajdhani Hardware
G-10, Meghmalhar, Sector-11, Gandhinagar-382 011.
Ph: 079-23229033, M-9825033740

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com